eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 162
September 26, 2008

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) માં ડે. કમિશનરશ્રીની સૂચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રી નાં માર્ગદર્શન હેઠળ મોજે વડોદ રે.સ.નં./ બ્લોક નં. અ૧૦૫/૧/૨ વાળી જમીનમાં સુડા ધ્વારા ઈન્ડ.લે–આઉટનાં બાંધકામનાં પ્લાનો શ્રી રામુભાઈ કાનજીભાઈ વિગેરેની કુલમુખત્યાર શ્રી વિપુલકુમાર ઈશ્વરસિંહ સોલંકીનાં નામે મંજુર થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

પૂણા વિસ્તારમાં આવેલ સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ની કામગીરી

સાઉથ – વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રીલીમીનરી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ (રૂંઢ) તથા ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૨૮ (રૂંઢ–વેસુ) ના અનુક્રમે ઓરીજનલ પ્લોટ નંબર : ૬૦ તથા ૫૯ ની આશરે ૮૦૦૦ ચો.ફુટ સુરત–ડુમસના ૬૦ મીટર પહોળાઈના મુખ્ય રસ્તાની કપાત હેઠળની સુરત ટેકનીકલ એજયુકેશન એન્ડ ટીંચીંગ સોસાયટી (મંત્રા) ની જમીનનો આજરોજ તા. ૨૦–૦૯–૨૦૦૮ ના રોજ કબજો લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતલખાના બંધ રાખવા બાબત

તા. ૦૨–૧૦–૨૦૦૮ ને ગુરૂવારના રોજ મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ૠતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા યોજીત ૩૬ મી નાટ્ય સ્પર્ધાનો પ્રારંભ

સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી નાટય સ્પર્ધા આ વર્ષે તા. ૨૪.૯.૦૮ થી તા.૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજાશે. ૩૬ મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૧૦ નાટય સંસ્થાઓના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકા આયોજિત ૩૬ મી નાટય સ્પર્ધા તા.૨૪.૯.૦૮ થી તા.૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન તા.૨૪.૯.૦૮ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે શુભારંભ



સુરત મહાનગર પાલિકા આયોજિત ૩૬ મી નાટય સ્પર્ધા તા. ૨૪.૯.૦૮ થી તા. ૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન તા. ૨૪.૯.૦૮ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે મા.ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, શાસકપક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ , કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, ડે. કમિશ્નર (સ્પે.) શ્રી પી. જે. ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા તથા નિર્ણાયકોની ઉપસ્થિતીમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) માં ડે. કમિશનરશ્રીની સૂચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રી નાં માર્ગદર્શન હેઠળ મોજે વડોદ રે.સ.નં./ બ્લોક નં. અ૧૦૫/૧/૨ વાળી જમીનમાં સુડા દ્વારા ઈન્ડ.લે–આઉટનાં બાંધકામનાં પ્લાનો શ્રી રામુભાઈ કાનજીભાઈ વિગેરેની કુલમુખત્યાર શ્રી વિપુલકુમાર ઈશ્વરસિંહ સોલંકીનાં નામે મંજુર થયેલ છે. જેના મંજુર લે– આઉટ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. વાળા ભાગમાં ૧૬ ફુટ × ૮૦નાં માપ વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ ગાળાનું બાંધકામ તથા પાર્કીંગ વાળા ભાગમાં ૨૦ ફુટ × ૮૦ ફુટનાં માપ વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ ગાળાનું બાંધકામ કરવામાં આવેલ જે ઉધનાઝોનનાં શહેર વિકાસનાં સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ તે દરમ્યાન સંબંધિત માલિકો દ્વારા આ બાંધકામ તેઓ તેમના ખર્ચે અને જોખમો સ્વેચ્છાએ દિન–૦૩ માં દુર કરશે. તેવિ લેખીત બાહેધરી આપેલ તથા પ્રત્યેક પ્લોટ હોલ્ડર દ્વારા રૂા. ૧૫,૦૦૦.૦૦નું સીકયોરીટી પેટે ચેક આપવામાં આવતા બાંધકામ હાલ પુરતુ અટકાવવામાં આવેલ તથા ડીમોલીશન ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦.૦૦ વસુલાત કરવામાં આવેલ છે.

TOP

# પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

## પૂણા વિસ્તારમાં આવેલ સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન

1. સુરત મહાનગર પાલિકાના પૂર્વઝોન (વરાછા) માં ટી.પી. સ્કીમ નં. ૧૨ મોજે પૂણા, બ્લોક નં. ૬૯૩ માં મુકવામાં આવેલ રીઝર્વેશન–૧૩૨( કઈભઈઘઈક ) માં વિશ્વકર્મા સોસાયટી નાં સ.પ્લોટ નં. ૧૯૩, ૧૯૪માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે પહેલા માળ ઉપર સ્લેબ, ચણતર આર.સી.સી. કામ થકી કુલ આશરે ૬૦૦ ચો. ફુટ ગેરકાયદેસર દુર કરવામાં આવેલ છે.

2. સુરત મહાનગર પાલિકાના પૂર્વઝોન (વરાછા) નાં મોજે પુણા ટી.પી. સ્કીમ નં. ૧૨, બ્લોક નં. ૬૯૫/૧ માં આવેલ સિધ્ધી વિનાયક સોસાયટીમાં સ.પ્લોટ નં. ૨૫,૨૬ ના મિલ્કતદાર તરફથી બીજા માળનું શરૂ કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તથા આર.સી.સી., સ્લેબ, ચણતર મળીને આશરે ૫૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ની કામગીરી

સાઉથ – વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રીલીમીનરી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૩ (રૂંઢ) તથા ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૨૮ (રૂંઢ–વેસુ) ના અનુક્રમે ઓરીજનલ પ્લોટ નંબર : ૬૦ તથા ૫૯ ની આશરે ૮૦૦૦ ચો.ફુટ સુરત–ડુમસના ૬૦ મીટર પહોળાઈના મુખ્ય રસ્તાની કપાત હેઠળની સુરત ટેકનીકલ એજયુકેશન એન્ડ ટીંચીંગ સોસાયટી (મંત્રા) ની જમીનનો આજરોજ તા. ૨૦–૦૯–૨૦૦૮ ના રોજ કબજો લેવામાં આવેલ છે. જેમાં સ્થળ ઉપર બનાવવામાં આવેલ કંપાઉન્ડ ગેટ, ચેઈનલીંગ ફેન્સીંગ સહિતની કંપાઉન્ડ વોલ દુર કરવામાં આવેલ છે. તેમજ તેને લાગુ ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૨૮ (રૂંઢ–વેસુ) ના ઓરીજનલ પ્લોટ નંબર : ૩૧ માં આવેલ ઈમ્પીરીયલ મોલની ૨૪૭૮ ચો.મી. જમીનનો કબજો મેળવી લેવામાં આવેલ છે. આમ, સદર રસ્તામાં આવતી જમીનનો કબજો મળતા સુરત ડુમસ મેઈન રોડ પર ગોવર્ધન હવેલી પાસેના રસ્તાનું બોટલનેક દૂર થવા પામેલ છે. જેના કારણે ટ્રાફીકનું ભારણ હળવું થશે તેમજ સ્ટ્રોમ ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું સરળ બનશે.

ઉપરોકત કામગીરી સાઉથ–વેસ્ટ (અઠવા) જોનનાં ટેકનીકલ સ્ટાફ, ૧૫ બેલદારો, ૧ જે.સી.બી. અને ૧ ટ્રકની મદદથી હાથ ધરવામાં આવેલ હતી.

TOP

## કતલખાના બંધ રાખવા બાબત

તા. ૦૨–૧૦–૨૦૦૮ ને ગુરૂવારના રોજ મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન– બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તાઃ ૨૦/૦૯/૨૦૦૮ ના પુણા શહેરી આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સમર્પણ હોસ્પીટલ, યોગી ચોક,વરાછા,સુરત ખાતે સવારે ૦૯:૩૦ કલાક થી બપોરે ૦૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા. મેયરશ્રી રણજીત ગીલીટવાળા, ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ,રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, માજી મેયર ડો.કનુભાઈ માવાણી, મ્યુ.સદસ્ય શ્રી.વી.ડી.ઝાલાવાડીયા, શ્રીમતિ દર્શિનીબેન કોઠીયા, ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઈ, વરાછા ઝોનના ઝોનલ ચીફ શ્રી જે. કે. શાહ, કાર્યપાલક ઈજનેર શ્રી બી. આઈ. દલાલ, શ્રી ડી. એમ. જરીવાળા, નાયબ આરોગ્ય અધિકારી ડો. વી. વી. પરમાર / ડો. કે. એ. શ્રોફ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓ નું સ્વાગત કર્યુ હતુ.પ્રાંસગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને વિના–મૂલ્યે નિદાન/સારવાર કેમ્પનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગચાળો થવાના કારણો અને અટકાયતના પગલા અંગે જાણકારી મેળવવા જણાવ્યુ હતુ.

આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહે આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવી આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળીં વિવિધ રોગોની જાણકારી મેળવી અટકાયત અંગે આપવામાં આવતી સુચનાનો અમલ કરવા જણાવ્યું હતુ.

સર્મપણ હોસ્પીટલના મેડીકલ ઓફીસર ડો.રસિક વિરાણીએ પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર વિના–મૂલ્યે મેડીકલ કેમ્પોનું આયોજન કરવા બદલ મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી.

માજી મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ પ્રાંસગિક પ્રવચનમાં ' સ્વચ્છ સુરત ' સાથે સ્વસ્થ અને તંદુરસ્ત સુરત' બને તે માટે શુભેચ્છા દર્શાવી મહાનગરપાલિકા મારફતે આપવામાં આવતી સુચનાનો અમલ કરવા,નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ સુરત મહાનગરપાલિકા મારફતે છેવાડાના નાગરીકોને આરોગ્ય સેવાનો લાભ મળી શકે તે માટે તેઓના ઘર આંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવા નાગરીકોને જણાવ્યું હતુ.કાર્યક્રમમાં સહકાર આપવા બદલ મન મંદીર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો આભાર વ્યકત કર્યો હતો.

મેડીકલ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પનો પુણા શહેરી આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સમર્પણ હોસ્પીટલ, યોગીચોક,વરાછા તથા આસપાસ વિસ્તારના ૬૩૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૮૦ ચામડીના નિષ્ણાત દ્વારા ૧ સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૪૬ બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩૧ ફિઝીશ્યન દ્વારા ૧૭૧ અને સર્જન દ્વારા ૧૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૦૮ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા ૫૫ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હત ૨૩૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

**Continue ...**

મેડીકલ કેમ્પના  સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડ્ઝ,ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૨૮૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૧૨ ઓરલ પીલ્સ ૮૬ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૭૫૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૯ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૧૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા–જુદા સ્લમ વિસ્તારમાં(વિજયાનગર–૧, ઉધના,સ્વામીનારાયણ મંદિર,ધરતીનગર,પરવત ગામ,પાલ ગામ,હળપતિ વાસ,મલબારી ટેકરો,નવસારી બજાર,નારી સંરક્ષણ ગૃહ,સગરામપુરા મલબારી ટેકરો, હળપતિવાસ)કરવામાં આવેલ કેમ્પોમાં ૧૨૬૫,લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**TOP**

## સુરત મહાનગરપાલિકા યોજીત ૩૬ મી નાટ્ય સ્પર્ધાનો પ્રારંભ

સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી નાટય સ્પર્ધા આ વર્ષે તા. ૨૪.૯.૦૮ થી તા.૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજાશે. ૩૬ મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૧૦ નાટય સંસ્થાઓના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. નાટય સ્પર્ધા તા.૨૪.૯.૦૮ના રોજ સાંસ્કૃતિક સમિતિના અઘ્યક્ષાના વરદહસ્તે તથા મા.મેયરશ્રીના અઘ્યક્ષસ્થાને ખુલ્લી મુકાશે. તા.૪.૧૦.૦૮ ના રોજ મા.મેયરશ્રીના વરદહસ્તે નાટય સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ યોજાશે. જેમાં પ્રમુખ તરીકે મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, તથા અતિથિવિશેષ પદે ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અઘ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અઘ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા પધારશે. આ નાટય સ્પર્ધામાં નીચે મુજબની કૃતિઓ રજુ થશે.

**—: ૩૬ મી નાટય સ્પર્ધાનો કાર્યક્રમ :—**

| નાટકનો ક્રમ | નાટકની તારીખ | નાટકનું નામ | નાટક સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ૨૪.૯.૨૦૦૮ | રહસ્યાંગના | સ્ટુડન્ટ યુથ સર્કલ | ડૉ.દિલીપ દેસાઈ |
| ૨. | ૨૫.૯.૨૦૦૮ | ભાસ—આભાસ | સ્પર્શ | ડૉ.મુર્તુઝા કે. રેલ્વે વાળા |
| ૩. | ૨૬.૯.૨૦૦૮ | અરે એક વાર હસી તો જુઓ | આશિયાના પરિવાર | કશ્યપ જોષી |
| ૪. | ૨૭.૯.૨૦૦૮ | પણ જો જો મોડા ન પડતા | સંભવ ગૃપ | જીતેન્દ્ર સુમરા |
| ૫. | ૨૯.૯.૨૦૦૮ | મિલીના ઘર તરફ | રાષ્ટ્રિય કળા કેન્દ્ર | મેહુલ શર્મા |
| ૬. | ૩૦.૯.૨૦૦૮ | હઈયા.. હો.. હઈયા | સુરત કલ્ચરલ એકેડેમી | પ્રકાશ મહેતા |
| ૭. | ૧.૧૦.૨૦૦૮ | એક સૂરજ આઝાદીનો | શૈલ થિયેટર | શૈલેન્દ્ર વડનેરે |
| ૮. | ૨.૧૦.૨૦૦૮ | વિષ ચક્ર | પંકજ પાઠકજી પ્રેઝન્ટસ | પંકજ પાઠકજી |
| ૯. | ૩.૧૦.૨૦૦૮ | દાદા નામે રંગાદાદા | રંગમ્ | વિજય જોષી |
| ૧૦. | ૪.૧૦.૨૦૦૮ | વશરામ ભુવાની વાડી | સમાંતર થિયેટર | કેતન રાઠોડ |

TOP

## સુરત મહાનગર પાલિકા આયોજિત ૩૬ મી નાટય સ્પર્ધા તા.૨૪.૯.૦૮ થી તા.૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન તા.૨૪.૯.૦૮ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે શુભારંભ




સુરત મહાનગર પાલિકા આયોજિત ૩૬ મી નાટય સ્પર્ધા તા. ૨૪.૯.૦૮ થી તા. ૪.૧૦.૦૮ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.જેનું ઉદ્‌ઘાટન તા. ૨૪.૯.૦૮ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે મા. ડે. મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, શાસકપક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ, કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, ડે. કમિશ્નર (સ્પે.) શ્રી પી. જે. ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા તથા નિર્ણાયકોની ઉપસ્થિતીમાં દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. શહેરના નગરજનોને વીજળી, પાણી, ડ્રેનેજ, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ આપવાની સાથે શહેરની કલાપ્રિય જનતાને મનોરંજન મળે તે માટે દર વર્ષે જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરે છે. જેમાં શહેરની જનતા ઉત્સાહભેર ભાગ લે છે.



શહેરની નાટય સંસ્થાઓ અને કલાકારોને પ્રોત્સાહન મળે તે હેતુથી સુરત મહાનગર પાલિકા છેલ્લા ૩૫ વર્ષથી નાટય સ્પર્ધા સફળતા પૂર્વક આયોજન કરતી આવી છે. આ સ્પર્ધામાંથી પ્રોત્સાહન મેળવી ઘણા નાટકો રાજય કક્ષાએ, અન્ય રાજયોની નાટય સ્પર્ધાઓમાં તથા રાષ્ટ્રીય કક્ષાએ પણ પસંદગી પામ્યા છે. આ ૩૬ મી નાટય સ્પર્ધાનું તા.૨૪.૯.૨૦૦૮ ના રોજ સ્ટુડન્ટ યુથ સર્કલ સંસ્થાનું અને ડો. દિલીપ દેસાઈ દિગ્દર્શીત "રહસ્યાંગના" નાટક રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મહાનુભાવો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. હવે પછી નીચે મુજબની નાટયકૃતિઓ રજુ થશે. જે નિહાળવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

### નાટય સ્પર્ધાનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧ . | ૨૫.૯.૨૦૦૮ | ભાસ–આભાસ | સ્પર્શ | ડો.મુર્તુઝા કે. રેલ્વે વાળા |
| ૨ . | ૨૬.૯.૨૦૦૮ | અરે એક વાર હસી તો જુઓ | આશિયાના પરિવાર | કશ્યપ જોષી |
| ૩ . | ૨૭.૯.૨૦૦૮ | પણ જો જો મોડા ન પડતા | સંભવ ગૃપ | જીતેન્દ્ર સુમરા |
| ૪ . | ૨૯.૯.૨૦૦૮ | મિલીના ઘર તરફ | રાષ્ટ્રિય કળા કેન્દ્ર | મેહુલ શર્મા |
| ૫ . | ૩૦.૯.૨૦૦૮ | હઈયા.. હો.. હઈયા | સુરત કલ્ચરલ એકેડેમી | પ્રકાશ મહેતા |
| ૬ . | ૧.૧૦.૨૦૦૮ | એક સૂરજ આઝાદીનો | શૈલ થિયેટર | શૈલેન્દ્ર વડનેરે |
| ૭ . | ૨.૧૦.૨૦૦૮ | વિષ ચક્ર | પંકજ પાઠકજી પ્રેઝન્ટસ | પંકજ પાઠકજી |
| ૮ . | ૩.૧૦.૨૦૦૮ | દાદા નામે રંગાદાદા | રંગમ્ | વિજય જોષી |
| ૯ . | ૪.૧૦.૨૦૦૮ | વશરામ ભુવાની વાડી | સમાંતર થિયેટર | કેતન રાઠોડ |

TOP